જય હિન્દ

તા. ૧૨-૦૯-૨૦૨૪

### વડાપ્રધાનના હસ્તે મેટ્રોના બીજા ફેઝનો ૧૬મીએ શુભારંભ

# અમદાવાદથી ગાંધીનગર સુધી દોડશે મેટ્રો

ગાંધીનગર, તા. ૧૧
અમદાવાદ અને ગાંધીનગરમાં રહેતા નાગરિકો માટે વધુ એક આનંદના સમાચાર છે. ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા

## મોદી સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-૧ સુધી કનેક્ટ થશે

મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ થવા જઇ રહ્યો છે. આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો જેમ કે જીએનએલયુ, પીડીઇયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઇન્ફોસિટી તેમજ સેક્ટર ૧ના વિસ્તારને આવરી લેવાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો તા. ૧૬ મીએ સેક્ટર-૧થી શુભારંભ કરવામાં આવશે.

આ ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. તેના લીધે કર્મચારીઓ અને પ્રવાસીઓને વધુ એક્સેસ મળવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે. આ ફેઝ ૨૧ કિલોમીટરનો છે જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિર સુધી જશે.

મેટ્રો રેલના વિસ્તરણનું એક મહત્વનું પાસું સમય અને ખર્ચની બચત છે. સમયાંતરે ટ્રાફિકમાં



થતા વધારા અને મોંઘા પરિવહન સામે મેટ્રો એક વાજબી અને વિશ્વસનીય પરિવહન વિકલ્પ બની રહેશે. એક ઉદાહરણથી સમજીએ તો, એપીએમસી (વાસણા) થી ગાંધીનગર સેક્ટર-૧ સુધીની ૩૩.૫ કિ.મીની મેટ્રો યાત્રા માત્ર ૬૫ મિનિટમાં પૂર્ણ થાય છે જેનો ખર્ચ માત્ર રૂ. ૩૫ રહેશે. તેની સરખામણીએ, ટેક્સીથી આ મુસાફરીનો સમય ૮૦ મિનિટ જેટલો થાય છે જેનું ભાડું રૂ. ૪૧૫થી પણ વધારે થાય છે. ઓટોરિક્શામાં આ ભાડું રૂ. ૩૭૫ જેટલું રહે છે જેમાં સમય મેટ્રોની આસપાસ અને તેનાથી વધારે રહે છે.

સમય અને ખર્ચની બચત થવાથી રોજિંદા મુસાફરો, વિદ્યાર્થીઓ અને ગાંધીનગર અને ગિફ્ટ સિટીની આસપાસના વિસ્તારમાં કામ કરતા કર્મચારીઓ માટે મેટ્રો પરિવહન પસંદગીનો વિકલ્પ બની રહેશે. આ સેવા શરૂ થવાથી અમદાવાદના વ્યસ્ત રસ્તાઓ પર ટ્રાફિકને હળવો કરવામાં મદદ મળશે, જે પ્રદૂષણને દૂર કરવામાં મહત્વપૂર્ણ બની રહેશે